# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-08-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

****************************************************

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આદિજાતિ પ્રશ્નોની સમીક્ષા કરી – મળવાપાત્ર ખેડૂતોને જમીન મળે તે માટે કાર્યવાહી કરવા સૂચના.

2) બનાસકાંઠામાં બનાસ બાયો-CNG પ્લાન્ટના લોકાર્પણની સાથે દેશની પ્રથમ ગ્રામીણ ભારતટૅક્સી સેવાનો પણ પ્રારંભ - અન્ય સાત જેટલી સહકારી ડેરીઓમાં પણ આવા પ્લાન્ટ સ્થાપવા કૃષિમંત્રીની જાહેરાત.

3) રક્ષાબંધન નિમિત્તે આજથી આગામી 30 તારીખ સુધી રાજ્યભરમાં છ હજાર 500 વધારાની એસ. ટી. બસ દોડાવાશે.

4) મેઘરાજાના વિરામ વચ્ચે રાજ્યભરમાં આગામી સાત દિવસ સામાન્ય વરસાદની આગાહી.

**5)** ગાંધીનગરમાં આજથી સબ-જૂનિયર બૉય્ઝ ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધાનો પ્રારંભ – પહેલા દિવસે કચ્છ, બરોડા, ભાવનગર અને અમદાવાદની ટીમનો વિજય.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# DyCM MEETING ON TRIBAL

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં આદિજાતિ પ્રશ્નો અંગે બેઠક યોજાઈ. તેમાં આદિજાતિના ખેડૂતોને જમીન આપવા સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, આ બેઠકમાં સાગબારાના પ્રશ્નો અંગે પણ ચર્ચા થઈ. તેમણે કહ્યું, સાચા હકદારોને જમીન મળશે. મળવાપાત્ર હોય તેમને જમીન મળે તે માટે કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. સાચા લોકોને જમીન ફાળવવા અને જમીન આપવા બેઠકો કરતા રહીશું તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું.

**(BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER)**

*"આજે જે પ્રશ્ન હતા કે કેટલાક લોકોને અધિકાર પત્ર જે આપ્યા છે, એની પાકી સનદ ક્યારે ગણાય કે સાત બારમાં નોંધ પડવી જોઈએ. તો રેવન્યુ વિભાગને પણ સાથે રાખ્યા છે કે વહેલી તકે એની માપણી થઈ જાય. ફોરેસ્ટ વિભાગ, અમારો ટ્રાઇબલ વિભાગ, સાથે મળીને એને એક્ઝેટ જે મળવાપાત્ર જમીન છે એનો રેકોર્ડ એના હાથમાં આવી જાય, એ પ્રકારની પણ કેટલીક ચર્ચાઓ થઈ. અને કેટલાક જે પડતર કેસો છે, એ પડતર કેસોનો તાત્કાલિક નિકાલ આવે. જે સાચા હકદારો છે, એને આજે પણ સરકારની બિલકુલ ના નથી જમીન આપવા માટે."*

# HM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સૌપ્રથમ સવારે તેઓ અમરેલીમાં દૂધાળામાં હેતની હવેલી ખાતે હરિકૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત હેતની હવેલી સરોવરના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ શ્રી શાહ બપોરે અમદાવાદમાં શાહીબાગમાં અતિથિગૃહ ખાતે ઑલિમ્પિક્સ અને રાષ્ટ્રમંડળ રમતની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજશે. ત્યારબાદ બપોરે તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 72-મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

સાંજે શ્રી શાહ થલતેજમાં ત્રોઈકા ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડ દ્વારા આયોજિત આર. વી. પટેલ ફાર્મઇનોવા ઍવોર્ડ્સ 2026ના એનાયત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. છેવટે સાંજે તેઓ બોપલમાં બીકેએમ સ્કૂલમાં ઘાટલોડિયા વિધાનસભાના લોકદરબારમાં ઉપસ્થિત રહેશે.

# BK BIO GAS PLANT

બનાસકાંઠામાં ધાનેરા તાલુકાના વિંછીવાડી ખાતે બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ કરાયું. બનાસ ડેરી, સુઝૂકી મૉટર્સ અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ – NDDBના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલા આ પ્લાન્ટથી હરિત ઊર્જા અને ગૌ-આધારિત અર્થતંત્રને નવી દિશા મળશે. દરમિયાન બાયો-સીએનજી ફિલિંગ સ્ટેશનનું લોકાર્પણ અને દેશમાં સહકારી મૉડેલ આધારિત પ્રથમ ગ્રામીણ ભારતટૅક્સીને પણ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું.

આ પ્રસંગે કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, ગોબરથી ગૌરવ થકી બનાસ ડેરીએ દેશને સર્ક્યૂલર ઇકોનોમી એટલે કે ગોળાકાર અર્થતંત્રનો સફળ નમૂનો આપ્યો. સાથે જ તેમણે બનાસ ડેરીની આગેવાની અને માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં રાજ્યની અન્ય સાત જેટલી સહકારી ડેરીઓમાં પણ આવા બાયો-સીએનજી પ્લાન્ટ સ્થાપવાની કામગીરી કરાશે તેમ જણાવ્યું.

**(BYTE: JITU VAGHANI, CABINET MINISTER)**

*"આજે જે પ્રશ્ન હતા કે કેટલાક લોકોને અધિકાર પત્ર જે આપ્યા છે, એની પાકી સનદ ક્યારે ગણાય કે સાત બારમાં નોંધ પડવી જોઈએ. તો રેવન્યુ વિભાગને પણ સાથે રાખ્યા છે કે વહેલી તકે એની માપણી થઈ જાય. ફોરેસ્ટ વિભાગ, અમારો ટ્રાઇબલ વિભાગ, સાથે મળીને એને એક્ઝેટ જે મળવાપાત્ર જમીન છે એનો રેકોર્ડ એના હાથમાં આવી જાય, એ પ્રકારની પણ કેટલીક ચર્ચાઓ થઈ. અને કેટલાક જે પડતર કેસો છે, એ પડતર કેસોનો તાત્કાલિક નિકાલ આવે. જે સાચા હકદારો છે, એને આજે પણ સરકારની બિલકુલ ના નથી જમીન આપવા માટે."*

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ આગામી સમયમાં થરાદ અને રાધનપુરમાં નવા બે પ્લાન્ટ તૈયાર કરાશે તેવી જાહેરાત કરી. તેમણે કહ્યું, ગ્રામીણ સ્તરે ભારત ટૅક્સી સેવાનો પ્રારંભ થવાથી સ્થાનિક યુવાનોને રોજગારીનું નવું માધ્યમ મળશે.

# EXTRA BUSES FOR RAKSHA BANDHAN

રાજ્યભરમાં રક્ષાબંધન નિમિત્તે આજથી આગામી 30 તારીખ સુધી છ હજાર 500 વધારાની એસ. ટી. બસનું સંચાલન કરાશે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મુખ્ય શહેર અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસ દોડાવાશે. ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 101 નવી બસનું લોકાર્પણ કરાયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ માહિતી આપી.

**(BYTE: ARJUN MODHVADIYA, FOREST AND ENVIRONMENT MINISTER)**

*"આજે આપ રક્ષાબંધનના પવિત્ર તહેવારોની આસપાસ આ સેવાઓ પ્રજાને અર્પણ કરવામાં આવી છે. એ ઉપરાંત જે રક્ષાબંધનના પવિત્ર તહેવારને ધ્યાને લઈ ૬૫૦૦ જેટલી નવા રૂટો ઉપર આ તહેવાર પૂરતું રાખવામાં આવેલું છે. એને કારણે તહેવારો ઉપર જે અવરજવરમાં મુશ્કેલી પડે છે એ મુશ્કેલી પડશે નહીં."*

આ પ્રસંગે એસ. ટી. નિગમની મહિલા કંડક્ટરોએ શ્રી સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી. સાથે જ શ્રી સંઘવીએ તહેવારોની ઉજવણીનું બલિદાન આપનારા એસ. ટી. નિગમના કર્મચારીઓને અભિનંદન પાઠવી તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

# PRAFUL PANSHERIYA CHETAVANI

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ ખોરાકમાં ભેળસેળ કરનારા અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહીં આવે તેવી ચેતવણી આપી છે. સાથે જ તેમણે નાગરિકોને બહારનું અશુદ્ધ ખાવા-પીવાનું બંધ કરી પૌષ્ટિક આહારની ટેવ માટે જાગૃત થવા અપીલ કરી. ગાંધીનગરમાં 77-મા વન મહોત્સવ અંતર્ગત વૃક્ષરથનું પ્રસ્થાન અને “એક પેડ માઁ કે નામ” અભિયાન હેઠળ વૃક્ષારોપણ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાનશેરીયાએ આ વાત કહી.

## (BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

*"પોતાના હિત માટે એક અસંસ્કારી કામગીરી કરી રહ્યા છે એ ભેળસેળ કરનારા હોય, એમને વેચનારા હોય, પ્રકૃતિના એર પોલ્યુશન કરનારા હોય આ બધા જ અસંસ્કારી લોકોને ભગવાન મહાદેવ સદબુદ્ધિ આપે અને આરોગ્ય વિભાગ તો આપવા આવી જ રહ્યું છે. કાનૂનનો ડંડો પડશે જ જો નહીં સુધરો તો."*

# NMD POICHA SHRAVANOTSAV

જળસંપત્તિ રાજ્યમંત્રી અને નર્મદાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલે નીલકંઠધામ પોઈચા ખાતે શ્રાવણોત્સવ મેળાનો પ્રારંભ કરાવ્યો, જ્યાં આગામી 30 તારીખ સુધી 15 સ્ટૉલમાં સખીમંડળોની બહેનોના વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરાશે. આ પ્રસંગે જિલ્લાના પાંચ સખીમંડળોને 29 લાખ 50 હજાર રૂપિયાની કૅશ ક્રેડિટ લૉનના ચેકનું વિતરણ કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, પોઈચા જેવા ધાર્મિક અને પ્રવાસન સ્થળે આવા સ્ટૉલ ઊભા કરવાથી બહેનોના ઉત્પાદનોને વિશાળ બજાર મળી રહેશે.

# JAMNAGAR ARREST

જામનગરના મેઘપર ગામમાંથી ડિગ્રી વિના મેડિકલ પ્રેક્ટિસ કરતા બે લોકોની SOG પોલીસે ધરપકડ કરી. આ બંને લોકો દર્દીઓને દવાઓ અને ઇન્જેક્શન આપી સારવાર કરતા અને તેમની પાસેથી નાણાં વસૂલતા હોવાનું જણાયું. પોલીસે બંને પાસેથી દવાઓ, ઇન્જેક્શન, સ્ટેથોસ્કોપ, બ્લડપ્રેશર માપવાના યંત્ર સહિત આઠ હજાર 174 રૂપિયાની સામગ્રી કબજે કરી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EID E MILAD CELEBRATION

મુસ્લિમ બિરાદરો દ્વારા પયગમ્બર હજરત મોહમ્મદના જન્મદિવસ નિમિત્તે આજે ઈદ-એ-મિલાદ-ઉન-નબી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ડાંગમાં મુસ્લિમ બિરાદરોએ આ પર્વની ઉજવણી અંતર્ગત આહવાના રાણી ફળિયાથી કબ્રસ્તાન સુધી જુલૂસ કાઢ્યું. પવિત્ર જુલૂસ જવાના માર્ગ પર સદભાવના અને કોમી એખલાસના દ્રશ્યો જોવા મળ્યા હતા.

કચ્છમાં જિલ્લાના મુખ્યમથક ભુજમાં મહેફિલ-એ બાગ-એ રસૂલ કમિટી દ્વારા ભીડગેટથી જુલૂસ કાઢવામાં આવ્યું. શહેરના વિવિધ વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમ સંસ્થાઓ અને અગ્રણીઓએ જુલૂસનું સ્વાગત કર્યું હતું.

પંચમહાલના ગોધરામાં ઈદ-એ-મિલાદની ઉજવણી નિમિત્તે હુસૈની ચોક ખાતેથી વિવિધ આકર્ષક ઝાંખીઓ સાથે જુલૂસ નીકળ્યું.

# DANG LABHARTHI

ડાંગના આહવા ખાતે 149 આદિજાતિ ખેડૂત લાભાર્થીને ખુરપી, દાંતરડુ, પાવડો, હાથના મોજાં, બાગાયતી કાતર ત્રિકમ સહિતના સાધનોનું વિતરણ કરાયું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે સરકાર દ્વારા અપાતી વિવિધ તાલીમ થકી રોજગારી માટે પ્રયાસ કરવા પર ભાર આપ્યો.

# DAMAN COAST GUARD RAKSHA BANDHAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં તટરક્ષક વિમાનમથક ખાતે દમણ-વાપી-સિલવાસા મહિલા ઉત્થાન મંડળની બહેનોએ તટરક્ષકના અધિકારીઓ અને જવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યો. આ પ્રસંગે તટરક્ષકના D.I.G. આલોક નેગીએ કહ્યું, તટરક્ષકનો સ્થાનિક સમુદાય સાથે ગાઢ આત્મીય સંબંધ છે. દરિયામાં જીવન બચાવવું, માછીમારોને બચાવવા તેમજ આપત્તિના સમયે રાહત અને બચાવ કામગીરીમાં તટરક્ષક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમ દરમિયાન તટરક્ષકના જવાનો અને બહેનો વચ્ચે ભાઈ-બહેનના સ્નેહ સાથે રાષ્ટ્રસેવા અને દેશભક્તિની ભાવનાનો ભાવપૂર્ણ સંગમ જોવા મળ્યો.

# BTD RAKSHA BANDHAN FREE TRAVEL

બોટાદમાં રક્ષાબંધનના તહેવારના દિવસે નગરપાલિકા સંચાલિત તમામ સિટી બસમાં તમામ બહેનો નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. બહેનોને તેમના ભાઈઓને રાખડી બાંધવા જવા-આવવામાં સરળતા રહે તે હેતુસર નગરપાલિકા દ્વારા આ નિર્ણય કરાયો.

# STATE WEATHER FORECAST

**મોટાભાગના જિલ્લાઓમાં મેઘરાજાના વિરામ વચ્ચે આગામી સાત દિવસ રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આ અંગે માહિતી આપતા કહ્યું, રાજ્યમાં વરસાદની હાલ સાત ટકા ઘટ છે.**

**(BYTE: ABHIMANYU CHAUHAN, SCIENTIST, IMD AMDAVAD)**

***"આગામી દિવસોમાં ગુજરાતમાં કોઈ પણ પ્રકારની ભારે વરસાદ (Heavy Rainfall) ની ચેતવણી આપવામાં આવી નથી. સાથે જ ગુજરાતમાં આગામી આખા અઠવાડિયા દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ (Light to Moderate Rain) પડવાની સંભાવના છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત (South Gujarat) ના કેટલાક ભાગોમાં, મુખ્યત્વે દક્ષિણના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના દક્ષિણ વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ હળવોથી મધ્યમ વરસાદ જોવા મળશે."***

# FOOTBALL TOURNAMENT

ગાંધીનગરમાં સબ-જૂનિયર બૉય્ઝ ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધામાં આજે કચ્છની ટીમે પંચમહાલ, બરોડા જિલ્લાની ટીમે ગાંધીનગર, ભાવનગરની ટીમે જુનાગઢ જિલ્લા અને અમદાવાદની ટીમે મહેસાણા જિલ્લાની ટીમને હરાવી. ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા યોજાયેલી સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો છે, જેમાં 21 જિલ્લાની ટીમ ભાગ લઈ રહી છે.

આવતીકાલે પંચમહાલ અને બનાસકાંઠા વચ્ચે પહેલી, ગાંધીનગર અને ભરૂચ વચ્ચે બીજી, ભાવનગર અને સુરેન્દ્રનગર વચ્ચે ત્રીજી તથા અમદાવાદ અને તાપી જિલ્લા વચ્ચે ચોથી મેચ રમાશે. દરેક ગૃપમાં પહેલી આવેલી ટીમ અને બધા ગૃપમાંથી એક સેકન્ડ બૅસ્ટ ટીમ વચ્ચે ક્વાર્ટર ફાઈનલ અને ત્યારપછી સેમિફાઇનલ રમાશે. જ્યારે સ્પર્ધાની ફાઈનલ મેચ આગામી બીજી સપ્ટેમ્બરે યોજાશે.

# MANAV THAKKAR – TABLE TENNIS

ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી માનવ ઠક્કર આગામી 20થી 28 સપ્ટેમ્બર જાપાનના નગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મેન્સ સિંગલ્સ અને ડબલ્સ રમતમાં તેઓ ભાગ લેશે. આ અંગે ખેલાડી માનવ ઠક્કરે કહ્યું, હાલ તેઓ સુરતમાં પૂર્વાભ્યાસ કરી રહ્યાં છે.

# FOOTBALL BC ROY TROPHY

છત્તીસગઢમાં રમાયેલી જૂનિયર બૉય્ઝ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપ ડૉક્ટર બી. સી. રોય ટ્રૉફીની ટાયર બે-ની મેચમાં ગુજરાતની ટીમનો પરાજય થયો. પહેલી મેચમાં ભારતીય રમતગમત સત્તામંડળ – S.A.I. સામે ગુજરાતે જોરદાર લડત આપી પણ એડ-ઑન ટાઈમમાં બે ગૉલથી હારનો સામનો કરવો પડ્યો. શરૂઆતથી જ આક્રમક રહેલી બંનેમાથી એકપણ ટીમ ફર્સ્ટ હાફમાં ગોલ કરી ન શકી.

હવે ગુજરાત 28 તારીખે જમ્મુ અને કશ્મીર સાથે બીજી અને 30 તારીખે ત્રીજી મેચ મધ્યપ્રદેશ સાથે રમશે. તેમાંથી જે ટીમ પોતાના ગૃપમાં ટોચ પર હશે તેની સેમિફાઈનલ માટે પસંદગી થશે.

અખિલ ભારતીય ફૂટબૉલ મહામંડળ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ટાયર બે-ની 16 ટીમને ચાર ગૃપમાં વહેંચવામાં આવી છે. તેમાંથી ગુજરાતની ટીમ ડી ગ્રુપમાં SAI, જમ્મુ અને કશ્મીર તથા મધ્યપ્રદેશ ની સાથે છે.

# SURENDRANAGAR NCC UNIT

સુરેન્દ્રનગરની ધ્રાંગધ્રા SSP જૈન કોલેજમાં રાજકોટ NCC ગ્રૂપ કમાન્ડર બ્રિગેડિયર સુશીમ બિશ્વાસે કોલેજના પ્રિન્સિપાલ, CTO, NCC ઓફિસર તેમજ બોય્ઝ અને ગર્લ્સ NCC યુનિટના કેડેટ્સ સાથે ચર્ચા કરી. તેમણે NCCના મૂળભૂત મૂલ્યો એવા 'એકતા અને શિસ્ત'ને જીવનમાં ઉતારવા કેડેટ્સને પ્રેરિત કર્યા. સાથે જ તેમણે ત્રણ વર્ષની NCC તાલીમ દરમિયાન યોજાતા કેમ્પ, તાલીમ અને કેડેટ્સને મળતી તક અંગે માહિતી આપી હતી.